# –: અલ્લાહના અસમાઉલ હુસ્ના અને દોઆ ની કૈફીયત :–

દોઆ યાઅની દિલની હસરતની આવાઝ અને પુકાર. બંદો ખુશીના હાલાતમાં હોય યા ગમગીન હોય, દિલના એહસાસાતની આવાઝ જે તેની ઝબાનથી અદા થાય છે તે દોઆ છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, તમે મને દોઆ કરો હું તમારે વાસ્તે જ કુબૂલ કરીશ. દોઆ કરનારથી અલ્લાહતઆલા ઘણો કરીબ છે અને તેનો જવાબ દેનાર હોય છે. અહલુલબૈત (અ.સ.) થી રિવાયતમાં મન્કૂલ છે કે, જે કોઈ શખ્સ દોઆનો ઈરાદો કરે અને અલ્લાહતઆલાથી પોતાની ઝાત વાસ્તે મુરાદોનો સવાલ કરે તો તેને જે પસંદીદહ હોય તે જ માંગે. બીમારી, મોહતાજગી, ઝુલ્મો જબ્ર વાસ્તે યા રિશ્તા તઅલ્લુકાતનાં કત્અ કરવા વાસ્તે દોઆ ન માંગે. દોઆ કરનારને વાજિબ છે કે, દોઆ પહેલા અમલે સાલેહ બજા લાવે, અલ્લાહથી ગુનાહોની તૌબા માંગે અને તેને દરમિયાન અને મખ્લૂકને દરમિયાન જે કોઈ તંગદિલી અને રંજિશ બની હોય તે મીટાવે અને તેના હર અમલ વાસ્તે નિય્યતે ખાલિસા રાખે. હ.અબુઝર (રિ.અ.) થી રિવાયત છે કે, **દોઆ સાથે ભલાઇના અમલ એ મુજબ કિફાયત કરે છે, જેમ જમનમાં નમક કિફાયત કરે છે.** તેથી દોઆ કરનાર દોઆ ઈબ્તેદા કરતા પહેલા અલ્લાહની હમ્દો સના કરે જે એને લાયક અને કાબિલ હોય અને તે બાદ નબીયુલ્લાહ મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.વ.વ.) પર સલવાત પઢે અને તે બાદ અલ્લાહની બારગાહમાં દોઆ ગુઝારે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **અલ્લાહના ૯૯ નામ છે અને જે કોઇ આ નામોની તસ્બીહ કરે તે જન્નતમાં દાખિલ થાય.** આ તમામ નામ જેને “અસ્માઉલ હુસ્ના” કહેવાય છે તે કુરઆને કરીમમાં મૌજૂદ છે. સૈયદના કાઝી નોઅમાન સાહેબ (ક.રૂ.) ઈસ્માઈલી ફિક્હની કિતાબ “મુખ્તસેરૂલ આસાર” ની પહેલી જિલ્દમાં આ તમામ અસ્માએ હુસ્નાનું બયાને ખૈર કરે છે.

- ✪ સુરએ ફાતેહતુલ કિતાબ (અલ્હમ્દો) માં પાંચ નામો છે :- અલ્લાહ (૬૬), રબ (૨૦૨), રહમાન (૨૯૯), રહીમ (૨૫૮), માલિક (૯૧).
- ✪ સુરએ બકરહમાં ૨૯ નામો છે :- મોહીત (૬૭), કદીર (૩૧૪), અલીમ (૧૫૦), હકીમ (૭૮), તવ્વાબ (૪૦૯), બસીર (૩૦૨), વાસેઅ (૧૩૭), બદીઅ (૮૬), સમીઅ (૧૮૦), કાફી (૧૧૧), આલિમ (૧૪૧), રઉફ (૨૮૭), શાકિર (૫૨૧), ઈલાહ (૩૭), વાહિદ (૧૯), ગફૂર (૧૨૮૬), હલીમ (૮૮), કાબિઝ (૯૦૩), બાસિત (૭૨), હય્ય (૧૮), કય્યૂમ (૧૫૬), અલી (૧૧૦), અઝીમ (૧૦૨૦), વલી (૪૬), ગની (૧૦૬૦), હમીદ (૬૨).
- ✪ સુરએ આલે ઈમરાનમાં ચાર નામો છે :- વહહાબ (૧૪), કાઈમ (૧૪૨), સરીઉલ હિસાબ (૪૪૨), ખબીર (૮૧૨).
- ✪ સુરતુન નિસાઅમાં છ નામો છે :- રકીબ (૩૧૨), હસીબ (૮૦), શહીદ (૩૧૯), અફ્વ (૧૫૬), મોકીત (૫૫૦), વકીલ (૬૬).
- ✪ સુરતુલ અન્આમમાં પાંચ નામો છે :- ફાતિર (૨૯૦), કાહિર (૩૦૬), કાદિર (૩૦૫), લતીફ (૧૨૯), હાકિમ (૬૯).
- ✪ સુરતુલ આઅરાફમાં બે નામ છે :- મોહયી (૫૮), મોમીત (૪૯૦).
- ✪ સુરતુલ અન્ફાલમાં બે નામ છે :- નેઅમલ મૌલા (૨૬૮), નેઅમન નસીર (૫૪૧).
- ✪ સુરએ હૂદમાં સાત નામો છે :- હફીઝ (૯૯૮), કરીબ (૩૧૨), મોજીબ (૫૫), કવી (૧૧૬), મજીદ (૫૭), વદૂદ (૨૦), ફઅઆલ (૧૮૧).
- ✪ સુરએ રઅદમાં બે નામ છે :- કબીર (૨૩૨), મોતઆલ (૫૪૧).
- ✪ સુરએ ઈબ્રાહીમમાં એક નામ છે :- મન્નાન (૧૪૧).
- ✪ સુરએ હિજરમાં એક નામ છે :- ખલ્લાક (૭૩૧).
- ✪ સુરએ હજ્જમાં એક નામ છે :- સાદિક (૧૯૫).
- ✪ સુરતુલ અંબિયામાં બે નામ છે :- વારિસ (૭૦૭), બાઈસ (૫૭૩).
- ✪ સુરતુલ મુમેનીનમાં એક નામ છે :- કરીમ (૨૭૦).
- ✪ સુરતુન્નૂરમાં તીન નામ છે :- હક્ક (૧૦૮), મુબીન (૧૦૨), નૂર (૨૫૬).
- ✪ સુરતુલ ફુરકાનમાં એક નામ છે :- હાદી (૨૦).
- ✪ સુરતુસ સબામાં એક નામ છે :- ફત્તાહ (૪૮૯).
- ✪ સુરતુલ મુમિનમાં ચાર નામ છે :- ગાફિર યાકે ગફ્ફાર (૧૨૮૧), કાબિલ (૧૩૩), શદીદ (૩૧૮), ઝુત્તૌલ (૭૮૨).
- ✪ સુરતુઝ ઝારિયાતમાં તીન નામ છે :- રઝઝાક (૩૦૮), ઝુલ કુવ્વત (૮૪૦), મતીન (૫૦૦).
- ✪ સુરતુત તૂરમાં એક નામ છે :- બર્ર (૨૦૨).
- ✪ સુરતુલ કમરમાં એક નામ છે :- મુક્તદિર (૭૪૪).
- ✪ સુરતુર રહમાનમાં તીન નામ છે :- બાકી (૧૧૩), ઝુલ જલાલ (૮૦૧), ઝુલ ઈકરામ (૯૯૯).
- ✪ સુરતુલ હદીદમાં ચાર નામ છે :- અવ્વલ (૩૭), આખિર (૮૦૨), ઝાહિર (૧૧૦૬), બાતિન (૬૨).
- ✪ સુરતુલ હશ્રમાં અગ્યાર નામો છે :- કુદ્દૂસ (૧૭૦), સલામ (૧૩૧), મુમિન (૧૩૭), મોહયમિન (૧૪૫), અઝીઝ (૯૪), જબ્બાર (૨૦૬), મોતકબ્બિર (૬૬૨), ખાલિક (૭૩૧), બારી (૨૧૪), મોસવ્વિર (૩૩૬).
- ✪ સુરતુલ બુરૂજમાં બે નામ છે :- મુબ્દી (૫૭), મોઈદો (૧૨૪).
- ✪ સુરતુલ ઈખ્લાસમાં બે નામ છે :- અહદ (૧૩), સમદ (૧૩૪).

આ તમામ (૯૯) નવ્વાણું નામો અલ્લાહના કિતાબમાં મૌજૂદ અને મરકૂમ છે અને ૧૦૦ મું નામ “અલ્લાહ” છે. આ નામોથી જો દોઆ કરવામાં આવે તો કુબૂલ થાય, સવાલ કરવામાં આવે તો અતા થાય, તેની કુબૂલીયતની બરકતની માઅરેફત કરવામાં આવે તો મુમેનીનના યકીન અને ઈખ્લાસની બિના પર દોઆ કુબૂલ થાય અને આ અસમાએ હુસ્નાની ઝિક્ર ઈસ્લામી કિતાબોમાં મશહૂર અને માઅરૂફ

છે. મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપની ઉમ્મતે ખાસ્સાને મૌલાતોના ફાતેમતુઝઝહરા (અ.સ.) ની હાજાત તમામ કરવા વાસ્તે અલ્લાહો અકબર, અલ્હમ્દો લિલ્લાહ અને સુબ્હાનલ્લાહ નાં કલેમાતની ૧૦૦ દાનાની તસ્બીહ અતા કીધી, **એ ૧૦૦ દાના આપની ઔલાદે પાક મૌલાતોના ફાતેમા (અ.સ.) અને અલી (અ.સ.) ની ઝુર્રીયતે તૈયેબાનાં ૧૦૦ ઇમામો પર દલાલત કરે છે.** ઉપર આપેલા અલ્લાહના હરએક નામને પાછલ એની ગિન્તીના હિસાબે અદદ લખેલા છે. જેને મુતાબિક એ નામની તસ્બીહ કરવામાં ખાસ અસર છે.

અરબી ના હુરૂફની એને બાજુમાં આપેલા આંકડા મુજબ ગિન્તી થાય છે :

| | | |
|---|---|---|
| અલિફ | - | ૧ |
| બા | - | ૨ |
| જીમ | - | ૩ |
| દાલ | - | ૪ |
| હા (નાનો) | - | ૫ |
| વાવ | - | ૬ |
| ઝા | - | ૭ |
| હા (મોટો) | - | ૮ |
| તોય | - | ૯ |
| યા | - | ૧૦ |
| કાફ (નાનો) | - | ૨૦ |
| લામ | - | ૩૦ |
| મીમ | - | ૪૦ |
| નૂન | - | ૫૦ |
| સીન | - | ૬૦ |
| ઐન | - | ૭૦ |
| ફા | - | ૮૦ |
| સાદ | - | ૯૦ |
| કાફ (મોટો) | - | ૧૦૦ |
| રા | - | ૨૦૦ |
| શીન | - | ૩૦૦ |
| તા | - | ૪૦૦ |
| સા | - | ૫૦૦ |
| ખા | - | ૬૦૦ |
| ઝાલ | - | ૭૦૦ |
| ઝાદ | - | ૮૦૦ |
| ઝોય | - | ૯૦૦ |
| ગૈન | - | ૧૦૦૦ |

જે શખ્સ પોતાના નામના અદદ મુતાબિક અલ્લાહના નામની તસ્બીહ કરે તો તેનેમાં અલ્લાહ ઝેહની, જિસ્માની અને રૂહાની તાકત અતા કરે છે અને આ અમલ એના હર કામ વાસ્તે મુફીદ સાબિત થાય છે.

**મિસાલ (૧)** : અગર કોઈનું નામ "મોહંમદ" હોય તો એના નામના અદદ "૯૨" થાય છે, મીમ (૪૦) + હા (૮) + મીમ (૪૦) + દાલ (૪) = ૯૨. હવે જો અલ્લાહના નામો માંથી કોઇ નામના અદદ "૯૨" થાતા હોય તો હર વક્ત એ શખ્સ તે નામની તસ્બીહ કરે. યહાઁ અસ્માઉલ હુસ્નાની ફેહરીસ્તમાં "૯૨" ના અદદનું કોઇ નામ નથી, તો પછી અલ્લાહના બે નામના અદદને જોડી દે અને જોઇ કે તેને જોડવાથી "૯૨" નો અદદ બને છે કે નહીં. જો બે નામોથી પણ અદદ ન મીલે તો તીન નામોથી કોશિશ કરે, પણ યહાઁ "મોહંમદ" ના અદદ "૯૨" વાસ્તે "હકીમ" (૭૮) અને "વહહાબ" (૧૪) ને જોડવાથી અદદ મીલી આવે છે. જે શખ્સનું નામ "મોહંમદ" હોય તેને જોઇએ કે "યા હકીમો" અને "યા વહહાબો" ના નામોની તસ્બીહ કરા કરે.

**મિસાલ (૨)** : "ઝૈનબ" નામના અદદ "૬૯" થાય છે, ઝા (૭) + યા (૧૦) + નૂન (૫૦) + બા (૨) = ૬૯. અસ્માઉલ હુસ્નાની યાદીમાં નઝર કરીએ તો અલ્લાહના "હાકિમ" નામના અદદ પણ "૬૯" થાય છે. લેહાઝા જે બૈરોનું નામ "ઝૈનબ" હોય તેને વાસ્તે "યા હાકીમો" ની તસ્બીહનું વિર્દ કરવું મુબારક અને ફાયદામંદ છે.

**મિસાલ (૩)** : "હાતિમ" નામના અદદ "૪૪૯" થાય છે, હા (૮) + અલિફ (૧) + તા (૪૦૦) + મીમ (૪૦) = ૪૪૯. અસ્માઉલ હુસ્ના માંથી "તવ્વાબ", "વદૂદ" અને "હાદી" ના અદદને મીલાવવાથી "૪૪૯" નો આંકડો મીલી આવે છે. તેથી જે શખ્સનું નામ "હાતિમ" હોય તેને ઉપર જણાવેલા તીન અલ્લાહના નામોની તસ્બીહનું વિર્દ કરવું જોઇએ. ★